ॐ

॥ तत्सत् परमात्मने नमः ॥

સ્ત્રી પુરૂષોનો પરસ્પર ધર્મ.

મુળ.

સંસ્કૃત ગ્રંથો ઉપરથી સાધન કરી ગુજરાતીમાં

છપાવી પ્રસિદ્ધ કરનાર.

જોષી. વિઠ્ઠલરાય તુલજારામ ઉપાધ્યાય.

ખાડીયા–શ્રી રામજીની શેરીમાં.

અમદાવાદ—વિસનગરાનાગર



પ્રથમાવૃત્તી.   પ્રત ૧૦૦૦.

અમદાવાદ.

ધી "રત્નસાગર" પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

ઠે. માણેકચોક માંડવીની પોળ પાસે.

સંવત ૧૯૬૫   શાકે ૧૮૩૦.

કીંમત રૂ ૦–૧–૬

અર્પણ પત્રિકા.

ધી ફાઈન સ્પીનીંગ વીવીંગ એન્ડ મેન્યુફેક્ચરીંગ કંપની લીમીટેડના મેનેજર સાહેબ--

રા. રા. કેશવલાલ માહાસુખરામ.

શ્લોક.

बुद्धेफलं तत्व विचारणीयं देहस्य .
धारणंच ॥ धन स्यसारं किल पात्रदान :
फलं प्रीती कारंनराणां ॥ १ ॥ (सुभाषित रत्नावली)

મહાશય.

શ્રીમાન ધીમાન અને પ્રતાપવાન થઈ દુનીયાની અનેક પ્રતીકુળતાઓ અને સંકટો ઉપર વિજય મેળવી, માહા પ્રયાસે પ્રાપ્ત કરેલું ધન પરોપકારાર્થે વાપરી આ લઘુ પુસ્તકને જે કીમતી મદદ કરી છે તે આપ જેવા સુજ્ઞને ઉત્સાહી ગૃહસ્થનો આભાર માની આ નાનકડું પુસ્તક આપને અર્પણ કરૂં છું તે સ્વીકારી ઉપકૃત કરશોજી.

લી. આજ્ઞાંકીત શેવક,

જોશી. વિઠલરાય તુલજારામ ઉપાધ્યાય.

સ્ત્રી પુરૂષનો પરસ્પર ધર્મ.

ॐ वक्रत्तुंड महाकाय सूर्यकोटी समप्रभ ॥
निर्विघ्नं कुरुमेदेव सर्वकार्येशु सर्वदाः ॥

વિજ્ઞપ્તિ પ્રિય બંધુઓ અને બેહેનો સ્ત્રિ તથા પુરૂષ જાતીએ આ સંસારમાં કેવી રીતે ધર્મ પાળી વર્તવું, તથા સંસારમાં કેવી રીતે ગૃહસ્થાશ્રમ ચલાવવો વળી પોત પોતાના ધર્મ પાળવાથી પ્રભુ કેવી રીતે પ્રસંન થાય છે, તે વિષે મુળ સંસ્કૃત ગ્રંથો ઉપરથી, ખરા તત્વનુ સોધન કરીને સ્પષ્ટ રીતે વંચાય તેટલા માટે ઘણી મેહેનતે શુધ્ધ ગુજરાતીમાં છપાવી આ પુસ્તક પ્રસીધ્ધ કર્યું છે. સુજ્ઞજનો આ પુસ્તકમાં કાંઈ પણ ભૂલચુક માલુમ પડે તો તે દરગુજર કરીને તેમાં ખરૂ રહસ્ય શું છે તે ગ્રહણ કરીને તે પ્રમાણે વરતી તથા વર્તાવી અમારા શ્રમને સફળ કરશો.

લગ્ન કર્યા પછી સ્ત્રિ પુરૂષોએ કેવી રીતે રેહેવું, તે વિશે લખવાની રજા લેઉ છું.—

૧. છેવટ સુધી સ્ત્રિ પુરૂષનો પરસ્પર પ્રેમ ચાલુ રહે ને અભાવ ન થાય, તેવી રીતીથી રેહેવાને હંમેશાને માટે યત્ન કરવો. જે કુળમાં સ્ત્રિથી પુરૂષ અને પુરૂષથી સ્ત્રિ સંતુષ્ટ રેહે છે તે કુળનુ કલ્યાણ થાય છે ને વૃધ્ધી થાય છે.

(મનુસ્મ્રતી. અ. ૯)

૨. ધર્મ અર્થને કામ સંપાદન કરવામાં સ્ત્રિ પુરૂષે હંમેશાં એક ચિત્ત વર્તવુ સ્ત્રિઓએ નિત્ય ગૃહ સંબંધી કાર્યમા તપર રેહેવું; આળસ રાખીને પડી રેહેવુ નહિ. (ધર્મસિન્ધુ)

૩. બાળક યુવાન તથા વૃદ્ધ સ્ત્રિએ પણ ભર્તાદિ વડી-લોને પુછયા શિવાય કાંઈ પણ કાર્ય સ્વતંત્રતાથી કરવુજ નહિ. સ્ત્રિએ બાળપણમાં માતા પિતાને વશ રેહેવુ ને યુવાન વયમાં પતીને વશ રહેવુ ને પતિ મરણ પામ્યા પછી પુત્રોને વશ રેહેવુ—પણ સ્વતંત્રપણે રેહેવુ નહી. (મનુસ્મૃતિ. અ. ૫)

૪. સ્ત્રિઓએ સાસુ, સસરા, નણંદ, દિયર, તથા પોતાના કુટુંબ વિશે વરતતા આચરણથી તેમને વશ રેહેવું.

(રૂગવેદ અ. ૩ અષ્ટક. ૮)

૫. સ્ત્રિએ પતિની પેહેલાં ઉઠી હાતપગ પાણી કરી ઘરનો કચરો કાઢી તથા રસોઈનાં વાસણ સાફસુફ કરી રસોઈ માટે સાવધ થવુ. ઘરની દરેક ચીજ સંભાળવી. નાહી ધોઈને સાસુ તથા સસરાને પાયે પડવુ. ઘરના હિત કાર્યમાં પતિને મિત્ર સમાન થવુ. ને હુકમ ઉઠાવવામાં દાશી સમાન થવુ. પછી રસોઈ તૈયાર કરી પતિને કહીને પવીત્ર અંનથી સસરાદીને જમાડવા, ને પતિને જમાડી તેની રજા લેઈ બાકી રહેલા અંનનુ પોતે ભોજન કરવુ. (પારાશર સ્મૃતિ.)

૬. પછી ત્રિજા પહોરે ઘરમાં જોઈતી સ્વચ્છ કરવી. તથા તેની આવક ખરચમાં વિચાર કરવા વખત કહાડવો. એ રિતે સારી સ્ત્રિએ સાંજ સવારે નિત્ય ગૃહને શુધ્ધ કરી રસોઈ તયાર કરીને શાંજે સસરાદી સહીત પોતાના પતિને જમાડયા બાદ પોતે પણ રૂચી પ્રમાણે ભોજન કરી પતિની સેવામાં હાજર થવુ. (શુક્રનિતિ. અ. ૪)

૭. પતિ નિદ્રાવશ થયા પછી જીતેન્દ્રીય થઈને વસ્ત્ર સહીત સુવુ. ઉંચેસ્વરે કઠોર તથા ખરાબ વાકય બોલવુ નહિ. કોઈ સાથે વાદ કરવો નહી. વળી ઘણું ખરચ કરાવનાર થવુ નહી. તથા ધર્મ કરતા હોય તેમાંથી વિરોધી થવુ નહીં. અ-

વિવેક તથા ક્રોધ કરવો નહી, ચાડી તથા હિંસા કરવી નહી.
(શુક્રનિતિ અ. ૪)

૮. વિષયમાં મોહ અહંકાર તથા પોતાની બડાઈઓ કરવી નહી. ઈશ્વરમાં અનાસ્તા લાવવી નહી. સાહસ તથા દંભ કરવો નહી. (ચાણાક્યનિતિ)

૯. મધુર ભાષણે કરી જેમ પોતાને પતી વશ થાય તે રીતે વર્તવુ, જેનો પતિ પરદેશ ગયો હોય તે સ્ત્રિએ વિશેષ ઘરેણાં પેહેરવાં નહિ. પણ સૌભાગ્ય બતાવે તેટલાં આભરણ ધારણ કરવાં. લોક મેળાવડામાં જવુ નહિ. અતિ હસવુ નહિ.
(શુક્રનિતિ અ. ૪)

૧૦ સ્ત્રિયે માતા પિતા તથા પતિથી તથા પુત્રથી છેટે રેહેવાની ઈચ્છા કરવી નહિ. છેટે રેહેવાથી પોતાના પિતા તથા પતિના કુળને નિંદાવે છે. પતિ પરદેશ જાય ત્યારે શરીરનો શ્રંગાર છોડી દેઈને નીયમથી વર્તવુ. નાચરંગ જોવા નહિ.
(મનુસ્મૃતિ અ. ૫-૯)

૧૧. પોતાનો પતિ ભરણ પોષણનો બંદોબસ્ત કર્યા શિવાય પરદેશ ગયો હોય તો જેમાં નિંન્ધા ન થાય એવી કારીગરીનો ધંધો કરી જીવવુ નીચ ધંધો કરવો નહિ, ને રમત રમવી નહિ. પારકે ઘેર જવુ નહિ, બહુ બોલવુ નહિ.
(યાજ્ઞ વલ્કસ્મૃતી અ. ૧)

૧૨ જે સ્ત્રિ પતિ પ્રત્યે સારા આચરણવાળી તથા સારા સ્વભાવવાળી મધુર બોલનારીને પતિમાંજ ચીત્ત રાખનારી હોય તે ધર્મચારીણી કેહેવાય છે. (શુક્રનિતિ)

૧૩ પતિએ કઠોર વચન કહ્યાં હોય તો તથા ક્રોધ દ્રષ્ટીએ જોયુ હોય તોપણ જે સ્ત્રી પ્રસંન મુખવાળી રહે તે સ્ત્રી પરમ પતિવ્રતા કહેવાય છે. જે સ્ત્રી પ્રસંન મને કરી નિરંતર

સ્વામીની સેવા ચાકરી કરે ને મર્યાદામાં રેહે ને વિનય રાખે તે ધર્મીષ્ટ જાણવી. પતિ સમાન સ્ત્રિને કોઈ સગુ નથી.

(માહાભારત અનુશાસન પર્વ. અ. ૧૪૬

૧૪. પતિવ્રતા સ્ત્રિએ પતિને કુરૂદ્રષ્ટીએ જોવો નહિ, ગુણવાન સ્ત્રિ નીત્ય સાસુ તથા સસરાના ચરણ સેવે તે તપસ્વીની જાણવી. (મનુસ્મૃતિ. અધ્યાય ૪)

૧૫. પતિને ખરાબ વચન સંભળાવવાં નહિ, ને મનથી પણ તેમનુ ખોટુ ઇચ્છવુ નહિ ને મર્યાદામાં રહીને ધર્મ સેવન કરવો. (માહા નિર્વાણ તંત્ર.)

૧૬. સ્ત્રિએ પતિને કામ કરવામાં મત્રિ જેવી સલાહ આપવી, ને કાર્ય કરવામાં દાશી સમાન થવુ, પતિને જમાડવામાં માતા સમાન થવુ. શયનને વિષે પ્રીતિ ઉત્પન્ન કરનાર રંભા સરખુ થવું, ધર્મ કાર્યમાં અનુકુળ રેહેવુ, ક્ષમા કરવામાં પૃથ્વી સમાન થવુ, ઉપર લખેલા પવીત્ર સ્ત્રિનાં લક્ષણ છે.

(શારંગધર નિતિ)

૧૭. સ્ત્રિ પતિના ચરણ સ્પર્શથી જેવી શુધ્ધ થાય છે તેવી, દાન, સેંકડો અપવાસ તથા તીર્થ સેવન વડે શુધ્ધ થતી નથી. (ભક્તી પતીની કરવી. પતિ સામે ભાષણ કરવામાં નમ્રતા રાખવી, તેની સેવામાં હાજર થવુ, પતિના સુતા પછી સુવુ. ને પેહેલાં ઉઠવુ. તે પતિવ્રતાના ગુણ છે.) (ચાણાક્ય નિતિ.

૧૮. જે સ્ત્રિયોનો પતિ નગરમાં હોય અથવા વનમાં હોય, પાપી અથવા પવીત્ર હોય, તોપણ જે સ્ત્રિ તેનાપર હેત રાખે છે. તે સ્ત્રિયોનો આ લોકમાં તથા પરલોકમાં મોટો ઉદય થાય છે. કારણ સ્ત્રિયોને પતિ તેજ ઘરેણાં છે કેમકે પતિવિનાની સ્ત્રિ શોભતી હોય તોપણ શોભતિ નથી. (વિષ્ણુશર્મા કૃત)

૧૯. સ્ત્રિને પતિ દેવ સમાન ગુરૂ સમાન પોષણ કરનાર

ધર્મ તિર્થ તથા વ્રત રૂપ છે. માટે સર્વને છોડી દેઇને પતિની સેવા કરવી, પતિનુ દર્શન કરવાથી (૬૪) તિર્થ ફળે છે, પતી પ્રસંન થાય તો પ્રભુ પ્રસંન થાય છે. (પારાશર સ્મૃતી.)

૨૦. માટે સ્ત્રિયોને તેમના ઘરના માણસોએ દિવસ રાત્રિ પોતાને વશ રાખવી સ્ત્રિઓને ઓચ્છવમાં તથા તીર્થોમાં તથા પારકે ઘેર એકલી મોકલવી નહિ, એકલી મોકલવાથી દુપણને પામે છે. (મનુસ્મૃતિ અધ્યાય ૪)

૨૧. સ્ત્રિને ખરાબ સ્ત્રિની સોબત કરવા દેવી નહિ. તથા (સ્ત્રિએ મનુષ્ય વગર સુવુ નહિ, પારકે ઘેર જવુ નહિ, સ્વતંત્ર રહેવુ નહિ. પિતાને ઘેર ઝાઝો નિવાસ કરવો નહિ, મનુષ્યના ટોળામાં એકલુ જવુ નહિ, પર પુરૂશ સાથે છાની વાતો કરવી નહિ, પરપુરૂશ સાથે હસવુ તથા બોલવુ નહિ, આભુશણ તથા પારકા વસ્ત્રને અડકવુ નહિ, આવી રીતે જે સ્રીયો ધર્મ પાળી મા બાપના તથા પતિના કુળને તારે છે તે સ્ત્રિયોના સ્વર્ગ મૃત્યુને પાતાળમાં મોટો ધર્મનો ઉદય થાય છે.

૨૨. હઝારો કામ પડતાં મુકી પતિની સેવા કરવી. ખરા કામ શિવાય રખડવુ નહિ, રાજા તથા ધનવાન તથા વિદ્યાવાન આ ત્રણ બાહાર ફરવાથી પુજાય છે પણ સ્ત્રિ બાહાર ફરવાથી ભ્રષ્ટ થાય છે. (માહાભારત શાંન્તી પર્વ અ. ૧૪૪)

૨૩. બારણે કોઇ અતિથિ આવ્યો હોય તો તેમનો સત્કાર કરી જમાડવો. પાખંડી, ખરાબ કર્મ કરનાર, વેદ વિરૂધ્ધ, બીલાડા ભક્ત, આવા અતિથિ આવ્યા હોય તો તેમનો ભાશણથી પણ સત્કાર કરવો નહી, બ્રહ્મચારી તથા સન્યાસી પાખંડી હોય તો પણ શક્તિ પ્રમાણે અંન આપવુ સ્રિએ પાણીમાં તથા આકાશના મધ્ય ભાગમાં આવેલો સુર્ય જોવો

નહિ. વાછડાનુ ગાળીયુ ઓળંગવુ નહિ. જળમાં પોતાનુ સ્વરૂપ જોવુ નહિ. (મનુસ્મૃતિ અ. ૪ શ્લોક ૨૮)

૨૪. મુખથી અગ્ની ફુકવો નહિ. ખરાબ વસ્તુ અગ્નીમાં નાંખવી નહિ. પગનાં તળીયાં તપાવવાં નહિ. સુતાં સુતાં અગ્નીને પગ અડાડવો નહિ. સવારની તથા સંધ્યાકાળની વખતે ભોજન કરવુ નહિ. તથા સુવું નહિ. ભોંય ઉપર લીટા કાઢી લખવુ નહિ. દુધ અથવા જળ ગાય પીતી હોય તે વખતે તેને અટકાવવી નહીં, પારકુ દુધ અથવા જળ પીતી હોય તો તે ધણીને કેહેવુ નહિ. પાખંડી પાસે બેસવુ નહિ, નખ વંડ તરખલાં તોડવાં નહિ. ફોકટ કામ કરવુ નહિ. જેમાં આગળ ઉપર લાભ ન થાય એવા બુટા ઉડાવવા નહિ. વાતચીત કરતાં નીન્દ્યા કોઇની કરવી નહિ. શોગટાંબાજી કદાપી રમવી નહિ. વિગેરે ઉપર લખેલા સવીસ્તર ધર્મ દરેક સ્ત્રીઓએ પાળીને ત્રણ લોકમાં ઉદય કરવો. (મનુસ્મૃતિ. અ. ૪ શ્લો. ૭૫)

(પુરૂષના ધર્મ.)

પુરૂષ સ્ત્રી પ્રત્યે કેવી રીતે વર્તવુ તે.

૨૫. સ્ત્રી જેને પ્રાપ્ત થઇ છે એવો પુરૂષ ગૃહસ્થ કેહેવાય છે. ગૃહસ્થે સ્ત્રીઓની રક્ષા કરવી બાળકોને વિદ્યાભ્યાસ કરાવવો. ને બધુ જનની રક્ષા કરવી સર્વ પ્રકારથી સ્ત્રીનુ હંમેશાં રક્ષણ કરવુ. કેમકે પુરૂષના ખરા સુખનો આધાર સ્ત્રી છે. પુરૂષના સુખ દુખમાં ભાગ લેનારી અર્ધાંગના છે. માટે ખાનપાન વસ્ત્રથી સુખ આપવુ. એજ ધર્મ છે. (માહાનિર્વાણ તંત્ર.)

૨૬. એક ઉપર બીજી સ્ત્રી કરવી નહી. કદાપી સંતાન થનાં ન હોય તો સતાનો પચાર કરવા તથા ત્રીસ વરસ સુધી સંતાનની રાહ જોવી. ત્યાં સુધી સંતાન ન હોય તો તેના ઉ-

પર બીજી સ્ત્રી કરવી, પણ પ્રથમ લગ્ન વાળી સ્ત્રીની સર્વ પ્રકારથી રક્ષા કરવી. તેને ક્રોધ ચઢે તેવુ બોલવુ નહિ, બંને સ્ત્રીની પ્રીતી સમાન ગણવી; સમ વિશમથી જોવુ નહિ.

(માહાભારત અનુશાસન પર્વ)

૨૭. જ્યાં સુધી પુરૂષ સ્ત્રી પરણ્યો નથી ત્યાં સુધી અડધો કેહેવાય છે. સ્ત્રી ઘરની શોભા છે સ્ત્રી વિનાનું ઘર શુન્ય છે. માટે સ્ત્રીનું રક્ષણ કરવું, ઘરને ઘર કેહેતા નથી. પણ સ્ત્રીજ ઘર કેહેવાય છે. અઘોરવનમાં જે પુરૂષની સ્ત્રી હોય છે તે વન મેહેલ બરાબર છે. ને સ્ત્રી વિનાનો મેહેલ સ્મશાન જેવો છે. સ્ત્રી ધર્મ, અર્થને, કામમાં સહાય કરનારી છે, રોગથી પીડાયેલા તથા કષ્ટ પામેલા પતિને સ્ત્રી સમાન બીજું ઔષધ નથી. માટે રક્ષા કરવી. (માહાભારત શાન્તી પર્વ અ. ૧૧૪)

૨૮. કદાપી સ્ત્રીને બાહાર જવાનો પ્રસંગ આવે તો કોઈ વિશ્વાસુ માણસને સાથે મોકલવો, પણ એકલી સ્ત્રીને બાહાર સ્વતંત્ર જવા આજ્ઞા નથી. (વૈરાટ પર્વ.)

૨૯. રસ તથા અલંકાર સહીત, સુંદીર પદન્યા સવાળી તથા સુવર્ણ મય જેની મુરતી છે એવી સ્ત્રી મેહેનત કરવાથી મળતી નથી. (આદ્યપર્વ.)

૩૦. પુરણ ભાગ્યનો ઉદય થવાથી તેવી સ્ત્રિ મળે છે. માટે પિતા ભાઈ તથા દીયર એઓએ સ્ત્રિઓનો સત્કાર કરવો, જે કુળમાં સ્ત્રીયો દુઃખ પામે છે, તે કુળનો તત્કાળ નાશ પામે છે. ને સુખ પામે છે તે કુળનો કુટુંબ સહીત યશનો ધર્મનો ઉદય થાય છે. ને વંશવૃદ્ધી થાય છે. (મનુસ્મતિ અ. ૩)

૩૧. સદા આચરણવાળી પવિત્ર તથા ઘરમાં દીવા રૂપ સ્ત્રી જો નિર્દોષ રમત ગમતમાં જોડાયેલી હોય તો અટકાવવી નહી. તેમ અતિશે છુટ આપવી નહી, પણ પોતાને વશ રાખવી.. (માહાભારત ઉદયોગ પર્વ.)

૩૨. તેમ અતિશે રૂંધી રાખવી પણ નહી. શાથી કે સ્ત્રીને જે ઘણા ચોકશી રાખનાર પુરૂષે ઘરમાં રૂંધી રાખી હોય તોપણ સુરક્ષીત રેહેતી નથી. પણ પોતાના મન વડે કરીને જ શુધ્ધ રેહે છે. (મનુસ્મૃતિ અ. ૪)

૩૩ પરસ્ત્રીની સોબત કરવી નહિ, કરવાથી હજારો દુ:ખ ઉત્પંન થાય છે. ઘણું જીવવાની ઇચ્છા હોય તેણે પરસ્ત્રી તજવી કેમકે, આહા હરીણી સરખાં નેત્રવાળી સીતા નીમીત રાવણનાં દશ મુસ્તક રખડયાં, નિચ મનુષ્યોયે એકાંતમાં ક્રીધેલુ જારકર્મ ખાધેલા લસણની પેઠે પ્રસીદ્ધ થાય છે. માટે ક્ષણ માત્રના સુખને અરથે પ્રતીષ્ટા તથા ધનનો નાશ થાય છે માટે પરસ્ત્રીનો માતા સમાન સત્કાર કરવો. (પારાશર સ્મૃતિ)

૩૪ સીતાનુ હરણ કરવાથી રાવણ તારાને હરી લેવાથી વાળીને દ્રોપદિની છેડ કરવાથી કીચક મરણ પામ્યા માટે કોઈ કાળે પર સ્ત્રીની સોબત કરવી નહી જે પુરૂષ પાણી ભરવાને માર્ગે તથા બાગના વનમાં તિર્થોમાં નદીના સમાગમમાં તથા રસ્તામાં પરસ્ત્રી સાથે ખરાબ નિષ્ઠાથી ભાષણ કરે તથા હસે તથા બોલે તથા છાની વાતો કરે તે સર્વ વ્યભીચાર કહેલો છે (મનુસ્મૃતિ અધ્યાય ૮)

૩૫ મા બેહેન તથા દીકરી સાથે પણ એકાંતમાં બેસવુ નહી, કેમકે ઇન્દ્રીયો બળવાન હોવાથી વિદ્વાનને પણ વિષય પ્રત્યે ખેચી જાય છે (મનુસ્મૃતિ અ. ૨)

૩૬. માટે કોઇ પણ સ્ત્રીની એકાન્ત કરવી નહિ, બળતા અગ્ની સમાન સ્ત્રી છે ને ઘીથી ભરેલા ઘડા સમાન પુરૂષ છે. માટે તે બેને સમજુ પુરૂષે એકાંતમાં રાખવાં નહિ જેમ જન્મનો આંધળો દેખતો નથી તેમ વિષયાંધ પણ દેખતો નથી. (મનુસ્મૃતિ. અ. ૨)

૩૭. દરેક પુરૂષે કોઈ પણ પ્રકારે પોતાનો ધર્મ પાળવો, તેમાં જય તથા લક્ષ્મી તથા કુટુંબ વિગેરેથી પુર્ણ સુખ ભોગવશે. ધર્મ નહી પાળવાથી ઘરની અંદર લક્ષ્મી તથા અન્નદેવ હમેશાં રૂદન કરે છે કે, અમને ઘરની બાહાર કાઢો.
(મનુસ્મૃતિ અ. ૫ શ્લોક ૪૬)

૩૮. કદાપિ કોઇ ગરીબ પુરૂષને અન્ન વસ્ત્રના સાંસા હોય તો જે ધંધામાં આબરૂ ન જાય તેવો ધંધો કરી અનાજ મેળવવુ. પણ ભુખે મરવુ નહિ. તથા છતે પૈસે મેલાં તથા જુનાં લુગડાં એ ફરવુ નહી, શરીરે પવીત્રત્તાથી રેહેવુ, ને પોતાનુ હીત થાય તે કામ કરવામાં મંડ્યા રેહેવુ, નિરૂધમી થવુ નહી ઉદય કાળનો તથા અસ્તકાળનો સુર્ય જોવો નહિ, કોઈ વાતે આળસ કરવી નહી. (મનુસ્મૃતી અ. ૮)

૩૯. જે કુળમાં બેંન સ્ત્રી તથા સગી સ્ત્રીઓ કંકાસ કરે છે. તે કુળનો નાશ થાય છે. કંકાસ થવા દેવો નહી, જેના ઘની સ્ત્રીઓને ઘટતુ સન્માન ન મળવાથી, તે સ્ત્રી જે ઘરને શ્રાપ દેછે તે ઘરનાં પશુ, ધન, ઘરબાર વિગેરે તમામનો નાશ થાય છે, ને રાજી રેહે છે તે ઘરમાં ભગવાનનો વાસ રેહે છે, ધર્મની ક્રીયાના લોપથી તથા બ્રાહ્મણનુ તથા સ્ત્રીઓનુ અપમાન કરવાથી, સારૂ કુળ પણ હિનકુળની દશાને પામે છે, માટે ઘટતુ સન્માન આપીને પોતાના કુળની વર્ધ્ધી કરવી તે ગહસ્થાશ્રમ છે. [પ્રમાણ સહસ્ત્રિ]

૪૦. પતી માબાપથી જુદો રેહેતો હોય તથા ઘરમાં કજીઓ કરતો હોય, તથા વાંચીનો ધંધો કરી જીવતો હોય, જુઠા સોંગન ખાતો હોય, પીતા સાથે ઝગડો કરતો હોય જુગાર રમતો હોય, મિત્રનો દ્રોહ કરતો હોય, ભ્રામરી કંઠમાળ, કોઢ થયેલા હોય, તે રોગથી પીડાતો હોય, ચાડીયો હોય, આંધળો હોય, વેહેતા જળને રોકતો હોય, કુતરાં પાળતો હોય,

આચાર હીન હોય, નપુંશક હોય, ગાંડો હોય; આટલાં ઉપર લખેલાં અપલક્ષણ જે પતીમાં હોય તોપણ સ્ત્રીએ તે પતીને પ્રભુ જેવો ગણીને સત્યની રીતે હમેશાં સેવા કરવી તોજ સ્ત્રીને પ્રભુ પ્રસન્ન થાય છે. [મનુસ્મૃતિ અ. ૪]

૪૧. સ્ત્રીની સાથે એક ભાણામાં ભોજન કરવું નહી, સ્ત્રી ભોજન કરતી હોય તે વખતે તથા સુખથી બેભાનમાં બેઠી હોય, તેવા સમયમાં તેની તરફ નજર કરવી નહિ આવી રીતે ઉપર કહેલા ધર્મ તરફ દૃષ્ટી કરી સમૃદ્ધી ઇછનારે પોતાના કુળમાં સ્ત્રીને ખાનપાનાદી સુખ મેળવવું જોઇએ. [મનુસ્મૃતિ]

૪૨. રૂશીઓએ પુછયું છે કે, ભગુરૂશી, બ્રામણોની સ્ત્રીઓ તથા બ્રાહ્મણો ઊપર મૃત્યુનું બળ તથા યમ રાજાનું બળ કેમ ચાલે છે ત્યારે ભગુ રૂશી બોલ્યા કે જે દુર-ગુણથી બ્રાહ્મણોને મૃત્યુ થાય છે તે દુરગુણ કહુ છુ કે બ્રાહ્મણો વેદનો અભ્યાસ કરતા નથી, બીજું, આચાર ભ્રષ્ટ થાય છે, તથા સામર્થ છતાં કર્તવ્ય કર્મમાં આળસ રાખે છે, તથા ખાવા પીવામાં ભ્રષ્ટતા રાખે છે, તથા લસણ, ગાજર, ડુંગળી, એવા અભક્ષ્ય પદાર્થોના સેવનથી તથા ઉપર લખેલા અધર્મથી બ્રાહ્મણના કુળ ઉપર મૃત્યુનુ બળ ચાલે છે, માટે સ્વધર્મ પાળવો. [મનુસ્મૃતી અ. ૮]

૪૩. હઝારો દુખ આવે તથા કુટુંબમાં કેશ રહે તથા લોકમાં અપવાદ થાય તોપણ ભલે, પણ સર્વ પ્રકારથી સ્વધર્મ પાળી નીયમમાં રહીને આલોકમાં મોટો ઉદય કરી ઇશ્વર પદને પામવુ, તેજ નિશ્ચય છે. [માહાભારત વન પર્વ]

૪૪. ધર્મ સીંધુના ગ્રંથમાં તથા પારાશરના ગ્રંથમાં તથા ઉદયોગ પર્વમાં જે વિધવાના ધર્મ કહ્યા છે તે કહુ છું.

વિધવાના ધર્મ.

૪૫ વિધવા થયા પછી જે સ્ત્રી વિધવાના ધર્મ પાળે છે

તે સ્ત્રી બીજા અવતારે સારા ગતિને પામે છે, ને સ્વર્ગમાં વાસ કરે છે, માટે વિધવા સ્ત્રીએ ધર્મ પાળવો, ન પાળવાથી અધોયોનીને પામે છે ને નરકમાં જાય છે, રાંડેલી સ્ત્રી અધર્મથી વર્તે તો મરી ગયેલો તેનો પતિ નરકમાં જાય છે, રાંડેલી સ્ત્રીએ ચોટલો રાખવો નહી સર્વ કાળ કેશનુ મુંડન કરાવવુ, એકવાર ભોજન કરવુ, જીતેન્દ્રીય થઇને રેહેવુ.

૪૬. વિધવાને આગ્ના કરી છે કે હરેક વ્રતને દિવસે અપવાસ કરવા, ને ઇન્દ્રીયો નરમ કરવી, પલંગ ઉપર સુઇ રેહેવુ નહિ, શરીરે તેલ તથા સુગંધી પદાર્થ લગાડવા નહી, કંઠે પ્રાણ આવ્યા હોય તોપણ બળદ તથા ઘોડા ઉપર બેસવુ નહિ, કાંચળી પેરવી નહિ, જેથી કરીને પોતાનુ શરીર ઢંકાય તેવુ વસ્ત્ર શીવડાવીને પેંરવુ, રંગ બેરંગી વસ્ત્ર પેહેરવુ નહી, સાફ ધોળુ વસ્ત્ર પેહેરવુ, કોઇને અડવુ નહિ, પાન ખાવુ નહિ, કાજળ આંજવુ નહી. [મનુસ્મૃતી અ. ૯]

૪૭. ઓછવમાં તથા મીલાવડામાં તથા નાચ રંગ થતો હોય ત્યાં જવુ નહી, આખો દીવસ ઇશ્વરના ધ્યાનમાં કાહાડવો. કપાળમાં ચંદન લગાડવુ નહિ, કાંસાના વાસણમાં ખાવુ નહિ, રાત્રે બાહાર નીકળવુ નહી, કોઇ પુરૂશ સાથે છાની તથા જાહેર વાત કરવી નહી, કોઇની સાથે હસવુ નહી તથા શરીરમાં બળ આવે એવા પદાર્થો ખાવા નહિ, ફક્ત દેહના રક્ષણ અર્થે એકવાર ભોજન કરવુ આવી રીતે ધર્મ પાળવાથી તે સ્ત્રી સ્વર્ગ લોકમાં જાય છે, ને મુવેલા પતીને તારે છે, ઘણો બારીક વખત હોય તોપણ ધર્મ તજવો નહી. [મનુસ્મૃતી અ. ૯]

૪૮. આ સંસાર જુઠો છે, આ સંસારમાં કોઇ ઠેકાણે વિદ્વાનનું ભાષણ થતુ હોય, કોઇ ઠેકાણે મદીરા પીને મસ્ત થયેલાનો કંકાસ થતો હોય, કોઇ ઠેકાણે વિણાનો નાદ કોઇ ઠેકાણે હા. હા. કરી રૂદન થતુ હોય, કોઇ ઠેકાણે મનોહર સ્ત્રીને

કોઇ ઠેકાણે ઘડપણ થએલાં જર્જરીત શરીર દેખાય છે તે ઉ-
પરથી શું એ સંસાર અમૃતમય છે; ના. વિષયનો પ્યાલો છે,
માટે ધૈર્ય રાખી સુખે દુખે રહી ભકતી કરવી. ભગવાન તરફ-
થી મળેલાં સુખ દુખ ધીરજ ધરી ગ્રહણ કરીને સેવવાં કેમકે
ચક્રની પેઠે તે ફર્યા કરે છે. કરેલા કર્મનુ ફળ સર્વ માણસોને
જલદી મળે છે. [પ્રમાણ સહસ્ત્રિ]

૪૯ કોઇ વખતે પૃથ્વીપર ને કોઇ વખતે પલંગપર શય-
ન કરવુ પડે કોઇ વખતે શાકનો ફકત આહાર ને કોઈ વખતે
સુંદર ભાતનો આહાર કરવો પડે કોઈ વખતે ફાટેલાં વસ્ત્રને
કોઇ વખતે સુંદર વસ્ત્ર મળે તોપણ કાર્યસાધનાર ચતુર પુરૂશ
સુખ દુખને ગણતો નથી, માટે જ્યાં સુધી આ શરીર સારૂ છે
તથા જ્યાં સુધી ઘડપણ આવ્યુ નથી. તથા જ્યાં સુધી ઘરના
માણસો તમારૂ કહ્યું કરે છે. ને જ્યાં સુધી ઈન્દ્રીયો નરમ પડી
નથી જ્યાં સુધી સાજા શરીરે કામ કરો છો જ્યાં સુધી શરીર-
માં બળ છે, ત્યાં સુધી આ અસાર સંસારમાં સત્યથી રહી
શુધ્ધ મનથી પ્રભુનુ પુજન ભજનને શુધ્ધ ધર્મ પાળી સત્યનો
વિજય કરી પ્રભુ પદને પામી સ્વર્ગ મત્યુને પાતાળ લોકમાં
તમારી ભક્તિનો ઉદય કરો, એજ સંસારમાં અતુલ્ય લાભછે.

[ભર્તૃહરી.]

૫૦. આ લઘુ પુસ્તકની સમાપ્તી કરવાની રજા લેઉ છુ
અનેક ગ્રંથો શોધન કરી સંસ્કૃતનુ ગુજરાતી કરયું છે. માટે
સર્વ ભાઇઓ તથા બેહેનોને વાંચવુ સુગમ પડશે, માટે આ
પુસ્તકનો ઉપયોગ કરીને તે પ્રમાણે ચાલવાને માટે સર્વને
મારી વિનંતી છે.

સમાપ્ત.

અગાઉથી આશ્રય દાતા સાહેબોના નામ.

		નકલ
રા. રા.	વકીલ. ડાહ્યાભાઇ હજતરામ.	૨૫
રા. રા.	નારણલાલ લક્ષ્મીરામ.	૨૫
રા. રા.	વકીલ. કેશનલાલ લલુભાઇ.	૧૧
રા. રા.	ચુનીલાલ દલપતરામ કવીશ્વર.	૧૧
રા. રા.	ડાહ્યાભાઈ પીતાંબર દેશશરી.	૧૦

જાહેર ખબર.

ભક્તીરસથી ભરપુર—શ્રૃંગાર રસથી શોભીતુ અતી બોધ દાયક—આહાત્મા બ્રહ્માર્ષિ—કવિ. તુલજારામ કૃત (સુબોધ ચિંન્તામણી) નામનુ પુસ્તક થોડા વખતથી છપાઇને બાહાર પડ્યુ છે. તેની જુજ નકલો હવે અમારી પાસે છે પુસ્તકના પ્રમાણમાં તેતેની કીમત ઘણી ઓછી એટલે ફકત રૂ ૦–૪–૦ રાખવામાં આવી છે, તો તાકીદથી મગાવી વાંચી જુઓ, ને તમારા આતમાનુ કલ્યાણ કરો.

ભાદ્રપદ શુકલપક્ષ
પુર્ણીમા સ. ૧૯૬૫

લી. શેવક
માણેકલાલ તુલજારામ ખાડીયા.
હિતેચ્છુ પ્રેસ પાસે ગોલાની ખડકી—અમદાવાદ.

વિદ્વાન લેખકના હાથથી લખેલાં નોવેલો.

વાંચો! વાંચો!! વાંચો!!!

દેશાવરવાળાને વર્ષ એકના ફકત ટપાલ ખર્ચના રૂ. ૦–૬–૦
શહેરવાળાને વર્ષ એકના ફકત વહેચામણી તરીકે. રૂ. ૦–૩–૦

દર મહીનામાં એક વખત પ્રગટ થતુ નોવેલ મફત મોકલી આપવામાં આવશે.

જમાનાનો જાદુગર.

ઉપરના નામનુ પુસ્તક દર મહીને ચારથી પાચ ફરમા સુધી બહાર પાડવામા આવશે. માટે જે ગૃહસ્થોને વાચવાની ઇચ્છા હોય તેમણે પોતાનુ પુરેપુરૂં નામ, ઠેકાણુ ચોકસ લખી જણાવવુ. આવો અમુલ્ય લાભ લેવા ચુકશો નહિ. બધા અંકો ભેગા કરતા જે મોટુ પુસ્તક તૈયાર થશે. પત્ર વ્યવહાર નીચેને સરનામે કરવો.

ધી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસ.
ઠે. માણેકચોક માડવીની પોળ પાસે
અમદાવાદ.